સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

બીક વિના કર્યા કરે કૌભાંડ, 'કેગ'નો શું અર્થ?
કરે કડદો કાયદાનો, બંધારણનો શું અર્થ?
મુક્ત થઇ ફર્યા કરે ગુંડાએ, જેલોનો શું અર્થ?
ચૂંટેલા જ ચાલવા ન દે એ સંસદનો શું અર્થ?
(અર્થવિહીન લોકશાહી)

હાઈકુ

થયું પતન!
બાળ-બલિદાનનું
હશે ગ્રાટક!!
(હેલીકોપ્ટર તૂટ્યું)

અન્નાની ટીમ
સત્તાની સુનામીમાં -
વેર વિખેર!?
(સત્તા ભૂખના અપવાસ)

ચિંતન

મર્ખણામ્ બલમ્ મૌનં ।

'મૂર્ખ લોકોનું બળ શાંત રહેવામાં જ છે, અર્થાત્ મૂર્ખાઓની ઢાલ 'મૌન' બને છે. મૌન રહેવાથી મૂર્ખ લોકોનું અજ્ઞાન-જડતા ઉઘાડું થઇ જતું નથી.

જેમને અભ્યાસ ઓછો છે, જ્ઞાનનું સ્તર નીચું છે જેમના આચાર-વિચારમાં એક સૂત્રતા નથી અને જડતાને કારણે વિનય-વિવેકનો પણ અભાવ હોય છે.

પરિણામે, ક્યારે બોલવું, ન બોલવું, કોને શું કહેવું ન કહેવું, સલાહ-સૂચના આપવી, પૂછ્યા વિના અભિપ્રાય આપવા આ બધી બાબતોને કારણે જ્યાં ને ત્યાં કોઇથી પણ, વડીલ હોય તો બાળકોથી પણ અપમાનિત થવું પડે છે, આમ છતાં મૂઢ-અજ્ઞાની લોકો સમજતાં નથી અને બીનજરૂરી, બોલ બોલ કરી જાતે જ અપમાનિત થયા કરે છે.

ઘર પરિવાર અને સમાજમાં પોતાનાં આચરણ, અને ઉચ્ચારણોને કારણે પણ ચર્ચાસ્પદ બને છે. પ્રધાનશ્રીઓ જેવા નેતાઓ પણ કોઇને સારું લગાડવા બફાટ કરે અને એમનું અજ્ઞાન-જડતા પ્રગટ થઇ જાય છે. પોતે તો મુશ્કેલીમાં મૂકાય છે પણ એમનાં નિવેદનને કારણે આખી મીનીસ્ટ્રી-પ્રધાનમંડળને નીચા જોણું થાય છે.

સંસ્કૃતમાં પણ એક ઉક્તિ છે, ડાહ્યા માણસોની સભામાં મૂર્ખાઓએ મૌન રહેવું.

સુવિચાર

- ભયથી જ દુઃખ આવે છે, ભયથી જ મૃત્યુ થાય છે, અને ભયથી જ બધી બૂરાઇઓ ઉત્પન્ન થાય છે - **વિવેકાનંદ**
- પ્રાર્થના-ઇબાદત ધર્મનો આધાર અને સ્વર્ગની ચાવી છે - **મહમ્મદ સાહેબ**
- એક પાપ છૂપાવવા અનેક પાપ કરવાં પડે છે - **ઇમર્સન**
- સંતાનોને પુરૂષાર્થ અને પરિશ્રમની ટેવ પાડવી એ આર્થિક વારસા કરતાં વધુ સારી બાબત છે - **વ્હીટલી**
- નમ્રતા-પરાક્રમ, શૌર્ય-વીરતાનું ભૂષણ છે - **વેદવ્યાસ**
- દુર્જન વિદ્વાન હોય તો પણ ત્યજવા યોગ્ય છે શું મણિથી અલંકૃત સાપ ભયંકર નથી? - **ભર્તૃહરિ**
- કીર્તિએ એવી તરસ છે જે ક્યારે ય છિપાતી નથી - **પ્રેમચંદજી**

બોધ કથા

આજે તો નામાંકિત મંદિરો, દરગાહોમાં દર્શન માટે વીઆઇપીઓ અને એમની દાન-દક્ષિણાનું મહત્ત્વ હોય છે. દાન-પુણ્ય કરનારા સાધુ-સંતોના આંખ-માથા પર રહે છે.. દર્શન-ધર્મ-જ્ઞાન-શિબિરોમાં સંપત્તિનો સડો પેસી ગયો છે.

એક અતિ સંપત્તિવાન, સમૃધ્ધ રાજા પોતાના કાફલા-હાથી-ઘોડા સાથે એક સરળ-સાત્ત્વિક સંતના આશ્રમમાં જ્ઞાન પ્રાપ્તિ માટે પધાર્યા. વંદન કરી વિનંતી કરી હું આપના આશ્રમ માટે બસો ગાયોનું દાન આપું છું. આપ મને એવું દિવ્યજ્ઞાન આપો જેથી મને મુક્તિ મળે!

સંતે નિર્દોષ સ્મિત સાથે, શાંતિથી જવાબ આપ્યો, રાજન્ આપને જ્ઞાન તો હું આપ ખાલી હાથે આવ્યા હોત તો પણ, ગાયોનાં દાન વિના પણ આપી શકું, પણ જ્ઞાન પામવા માટે હૃદય સમૃધ્ધિના અભિમાનની ખાલી હોવું જરૂરી છે. જ્ઞાન, સંપત્તિ, અર્પણ કરવાથી ખાલી હોવું જરૂરી છે. જ્ઞાન, સંપત્તિ અર્પણ કરવાથી નહીં, પણ જાતને સર્વસ્વ, 'હું' પણું, સમર્પિત કરવાથી જ મળે છે, જ્યાં સુધી આપના મનમાં સત્તા-સંપત્તિનું અભિમાન છે ત્યાં સુધી 'જ્ઞાન' માટે અવકાશ ક્યાં છે? અભિમાન ઓગળે પછી જ ઇશ્વરનો વાસ હૃદયમાં થાય..

રાજાને જ્ઞાન લાધ્યું.

સભાખંડમાં હાજર લોકો વિશેક વર્ષ બાદ અમુ અને દેવાના અદ્‌ભૂત મેળાપને આશ્ચર્યચકિત થઇને જોઇ રહ્યાને આંખોમાંથી આંસુ ટપકવાં લાગ્યા, દરેક લોકોનાં મુખમાં એક જ શબ્દ હતો કે આને કહેવાય "પરણેતરની પ્રીત"

પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૮)

- જયંતીલાલ મકવાણા

(ગતાંકથી આગળ...)

ત્યારબાદ સમાજ કલ્યાણ ઓફિસના અધ્યક્ષશ્રી એ પ્રવસન આપતાં કહ્યું કે, 'જે સ્ત્રીઓને નારી કેન્દ્રમાં મુકવામાં આવે છે તે સ્ત્રીઓને તેમના પતિઓ તરફથી ખૂબ જ યાતના ભોગવવી પડતી હોય છે. ઘણા કિસ્સાઓમાં કેટલીક સ્ત્રીઓ એક - બે છોકરાની મા થયા પછી તેમના પતિ બીજી પરણેતર સ્ત્રીને લઈને ભાગી જાય છે. આથી સમાજમાંથી આવી કેટલી સ્ત્રીઓ છે. જેમના પતિ તરછોડીને બીજા છોકરીને લઈને ભાગી જાય છે તેવા પુરૂષને આજીવન કેદની સજા કરવી જોઈએ'

સમાજ કલ્યાણ અધિકારીશ્રીનું પ્રવચન સાંભળતા લોકોએ તાળીઓના ગડગડાટ સાથે સ્વીકારી લીધું.

ત્યાર બાદ સમાજ કલ્યાણ કમિશ્નરશ્રીએ પ્રવચન આપતાં કહ્યું કે, 'આજે નારી કેન્દ્રના અધ્યક્ષશ્રી સંધ્યા બહેને જે કાર્યક્રમનું આયોજન કરેલ છે તેનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. તેમને મારા તરફથી ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. કારણ કે હું પણ એક પીડિત મહિલાનો બદનસીબ પુત્ર છું.

જ્યારે મારી માતા ગર્ભવતી હતી અને પ્રસુતિની પીડા ભોગવી રહિ હતી. તે સમયે મારા પિતાજી શહેરમાં ઉચ્ચ શિક્ષણ લઈ રહ્યા હતા. તે સમય દરમિયાન તેમની સાથે કોલેજમાં ભણતી એક છોકરી સાથે બીજા લગ્ન કરીને ભાગી ગયેલા. આ સમાચાર વાયુવેગે સમાજમાં ફેલાઈ ગયા. જ્યારે મારી જણેતાને સમાચાર મળ્યા કે તેમના પતિએ બીજા લગ્ન કરી લીધા છે ત્યારે મારી જણેતાને અસહ્ય આઘાત લાગતા સાનભાન ગુમાવી બેઠાંને તેમના સાથે તેમના પતિએ વિશ્વાસઘાત કરતા આવાક બની ગયા.

આવા સંજોગોમાં મારી માતાને પ્રસુતાની પીડા અસહ્ય થવા લાગી. આમ મારો જન્મ થયા પછી બે ત્રણ માસમાં મારી જણેતા મરણ પામ્યા. આથી મારા નાના-નાનીથી મારો ઉછેર કરવો ખૂબ જ અઘરો હતો તેથી તેમણે મને અનાથ આશ્રમના સંચાલકોની સહાયથી હું આઈ.એ.એસ. બન્યો અને આજે તેમની કૃપાથી કમિશ્નર બન્યો છું.

આથી હું પણ ઈચ્છુ છું કે મારી માતાને દુઃખ આપનાર પતિને તથા આવી કેટલીય માતાઓની જીંદગી બરબાદ કરનાર પરૂષને કડકમાં કડક સજા કે આજીવન કેદની સજા કરવી જોઈએ.'

સાહેબનું પ્રવચન સાંભળતા સમગ્ર સભામાં હાજર લોકોની આંખો માંથી આંસુ સરી પડ્યા અને વાતાવરણ એકદમ કરૂણામય અને ગમગીન બની જતા શાંતિનો સન્નાટો છવાઈ ગયો.

ત્યારબાદ નારી કેન્દ્રના અધ્યક્ષ સંધ્યાબેન ઉભા થયા અને કહ્યું કે, 'આજે હું તમને નારી કેન્દ્રમાં આશરો લઈ રહેલી સ્ત્રીઓ ઉપર કેવા પ્રકારના જુલમો થયેલા છે એ બાબતથી જાણ કરવા માંગુ છું.

આજથી બે વર્ષ પહેલાં હું રાજયના નારી કેન્દ્રની મુલાકાત લઈ પાછી ફરી રહી હતી ત્યારે, રેલ્વેસ્ટેશન પર ટ્રેનની રાહ જોઈ બેઠી હતી. પરંતુ ટ્રેન મોડી હોવાથી હું સ્ટેશનમાં બેસી કંટાળી ગઈ હતી. આથી બેચેન ચ્હેરે મેં જોયું તો એ ટોળું સ્ટેશન તરફ આવી રહ્યું હતું. ટોળાની આગળ એક લઘરવઘર સ્ત્રી હતી. તેની પાછળ છોકરાઓ એ સ્ત્રીને ચીડવતા કહેતાં..''ગાંડી... ગાંડી... આશા ગાંડી...!' કોઈ છોકરાઓએ ગાંડી સ્ત્રીનો સાડલો ખેંચતાં... તોઈ કોઈ એના વાળ ખેંચતાં... તો કોઈ છોકરાઓ એ સ્ત્રીના હાથમાં રહેલી છબિ ઝુંટવી લેવા તરાપ મારતાં હતાં. આથી આ ગાંડી તેના હાથમાં રહેલી છબીને જીવ જેમ સાચવતી છાતીએથી અળગી કરતી નહિ.

આથી આ ગાંડી ગુસ્સો કરતી પાછી ફરી દાંતિયા કરતી દોડતીને અટ્ટ હાસ્ય કરતાં છોકરાઓ ડરીને ભાગી જાતા. ફરી પાછીએ ગાંડી આગળ ચાલતા એટલે છોકરાઓ એની પાછળ ચીડવતાં દોડતાંને અટકચાળા કરતાં રહેતાં.

આથી એક કાકાએ બુમપાડી કહ્યું, 'એય, છોકરાઓ ભાગો!'

અને છોકરાઓ દોડીને ભાગી જતાં. એ ગાંડી બાકડા પર આવીને મારી પાસે બેસી ગઈ.

મે પેલા કાકાને પૂછ્યું 'કાકા, આ સ્ત્રી ગાંડી છે?'

ત્યારે કાકાએ મને કહ્યું, 'ના.. બહેન.. ના, એ ગાંડી નથી પણ એના ધણીએ એને ગાંડી કરી નાંખી છે!' આથી મે કુતુહલતાથી પૂછ્યું 'એના ધણીયે...?'

'હા.. હા.. એના ધણીએ જ...!'

પછી મેં પૂછ્યું 'કેવી રીતે?'

આથી કાકાએ કહ્યું,' આ સ્ત્રીનું નામ આશા છે. એ આ ગામની દિકરી છે. પંદરેક વર્ષ પહેલાં તેણીને સીમંત ભરી તેડી લાવેલા. પરંતુ એના ધણી એની સાથે ભણતી એક કોલેજીયન છોકરી સાથે પ્રેમ લગ્ન કરી લીધા. આથી આ દીકરી ગાંડી થઈને ગામમાં અને આજુબાજુના વિસ્તારોમાં રઝળ્યા કરે છે.'

ઘણી વખત રેલ્વે સ્ટેશન તરફ દોડતીને તેના પતિનો ફોટો જેને તેને બતાવતા કહેતી, "તમે મારા પતિને જોયો છે! એ મને તેડવા આવવાનાં છે!"

આમ છેલ્લા પંદરેક વર્ષથી એના પતિના વિરહમાં ગાંડી થઈને દુઃખથી ઝુરતી ઓધાર આંસુ સારતી રડ્યે રાખતી બોલતાં બોલતાં સંધ્યાનું હૈયું ભરાઈ આવતાં એ પણ રડી પડ્યા.

છેલ્લે સંધ્યા બહેને કહ્યું કે, 'સ્ટેમ્પર બિરાજમાન મહેમાનોએ પ્રવચન આપતાં કહ્યું કે, 'સમાજમાં મહિલાઓને દુઃખ દેનાર પતિ જે પરણેતર હોવા છતાં પોતાની પરમેત્તર પત્નીને છોડી બીજી સ્ત્રીને લઈને ભાગી જાય છે. આથી તેની પત્ની દુઃખથી કંટાળીને આપઘાત કરી લે છે કે, નારી કેન્દ્રનો આશ્રય લે છે. આથી પોતાની પત્નીને દુઃખ દેનાર પુરૂષો પર કડક પગલાં ભરવા જોઈએ કે આજીવન કેદની સજા કરવી જોઈએ.' આ વિચાર સાથે આપ સૌ અધિકારીઓ સંમત છો?"

આથી કલેકટર સાહેબે સંધ્યાના વિચારોને અનુમોદન આપતાં કહ્યું. "હા... હા... સંધ્યાબેન અમારો બધાંનો એક જ મત છે કે આવા પતિને કડકમાં કડક સજા કરવી જોઈએ."

ત્યારબાદ સંધ્યાએ આશા એટલે કે જેને સાસરે અમુ કહીને બોલાવે છે તેને સ્ટેજ પર બોલાવી અને કહ્યું, "કલેકટર સાહેબ જુઓ આ એક પીડિત સ્ત્રી છે. એના પતિએ આ પરણેત્તર પત્નીને છોડી બીજી છોકરી સાથે લવમેરેજ કરીને ભાગી ગયો છે. લો આ પીડિત સ્ત્રીના પતિનો ફોટો તમે કહો તે સજા આ સ્ત્રીના પતિને કરીએ!" સ્ટેજ પરના દરેક અધિકારીઓને અમુના પતિનો ફોટો આપતાં કહ્યું.

સૌ અધિકારીઓ ફોટો જોતા સ્તબ્ધ થઈ ગયા. શ્રી કલેકટર સાહેબ તથા બીજા અધિકારીઓ તિરસ્કાર ભરી નજરે સંધ્યાના પતિ જે સમાજ કલ્યાણ અધિકારી છે તેમની સામે એકીટશે જોઈ જ રહ્યા.

વીશ વર્ષબાદ અમુ અને એના પતિ દેવાની નજરો સામસામે ચારે આંખો મળતાં બંને અવાક બની ગયા અને અનિમેષ નજરે એકબીજા સામે જોતા રહી ગયા.

પછી અનાથ આશ્રમના ટ્રસ્ટી ઉભા થયા અને કહ્યું કે અનાથ આશ્રમમાં ઉછરી રહેલ પુત્ર સમજણો થયો ત્યારે એણે એની માતા વિશે પૂછ્યું ત્યારે અનાથ આશ્રમના સંચાલકોએ એને કહેલ કે "તારી માતા જન્મ બાદ ત્રણેક માસમાં મૃત્યુ પામેલ. પુત્રના ઉચ્ચ અભ્યાસ અને વિકાસમાં અવરોધ ન થાય, હતાશા ન આવે, એટલા માટે અમે એને ખોટું કહેલું. જો એને ખબર પડે કે તેની માતા ગાંડી છે અને ચીંથરેહાલ ગામની શેરીઓમાં અને બજારમાં રઝળપાટ કરે છે તો એ છોકરાના શિક્ષણ પર ખરાબ અસર થાય અને એની પ્રગતિ અટકી જાય આથી અમે એ હકીકત ગુપ્ત રાખેલ કે એની માતા હયાત છે."

એ પુત્રએ હાલમાં જે સ્ટેજ પર બેઠેલા કમિશ્નર સાહેબ પોતે જ છે. સંધ્યાએ જે સ્ત્રીને કેળવણી આપી સંસ્કારનું સિંચન કરી એ સ્ત્રી જ આ કમિશ્નર સાહેબની બદનસીબ માતા અમુ છે.

અનાથ આશ્રમમાં અમુના પુત્રના ઉછેર પાલન પોષણ અને ઉચ્ચ અભ્યાસ માટે પાંચ કરોડ રૂપિયાનું દાન કરનાર દાતા મારી બાજુમાં બેસેલ મુખી અને સોનબા એ ચા કમિશ્નર સાહેબના દાદા-દાદી છે. તથા સોનબા અને મુખીની બાજુમાં બેઠેલા છે તે આશાના મા-બાપ છે."

કમિશ્નર સાહબ તેમની જનેતાને જોતા અને એમની વિતક કથા સાંભળી ક્રુસકે ક્રુસકે રડી રડ્યા. અમુ તેના પુત્રને જોઈ હર્ષાશ્રુ સારતી દીકરીને વળગી પડીને ચોધાર આંસુ સારતી હિબકાં ભરવા લાગી.

સોનબા અને મુખી એકના એક પુત્ર દેવાનો ભૂતકાળ અને વર્તણૂક જોતા ખેદથી પણ તેમનું હૈયું ભરાઈ આવ્યું અને નિષ્ઠુર દેવાને જોઈ રહ્યાં.

સભાખંડમાં હાજર લોકો વિશેક વર્ષ બાદ અમુ અને દેવાના અદ્‌ભૂત મેળાપને આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યાને આંખોમાંથી આંસુ ટપકવાં લાગ્યા. દરેક લોકોનાં મુખમાં એક જ શબ્દ હતો કે આને કહેવાય "પરણેતરની પ્રીત."

(ક્રમશઃ)

ગુજરાતના સર્વતોમુખી વિકાસ અને વિકાસની શક્યતાના શિલ્પી નરેન્દ્રભાઈ મોદીની યશગાથા

શબ્દ સમીપે

- નટવર હેડાઉ



૨૦૦૧ થી ૨૦૧૧ ના એક દાયકામાં ગુજરાતે પ્રગતિની જે હરણફાળ ભરી એના આપણે સૌ સાક્ષી રહ્યાં છીએ. આ વિકાસયાત્રા માત્ર દેશના અન્ય રાજયો માટે જ નહીં, પરંતુ કેટલાક વિકાસશીલ દેશો માટે પણ રોલ - મોડેલ બની રહી છે. ગુજરાત સરકારે ઉદ્યોગ (વાઇબ્રન્ટ - સમીટ), કૃષિ અને ગ્રામ વિકાસ, (જળક્રાંતિ - કૃષિક્રાંતિ - જ્યોતિગ્રામ - કૃષિરથ યાત્રા), શિક્ષણ (શાખા-પ્રવેશોત્સવ), મહિલા અને બાળ વિકાસ (કન્યા-કેળવણી, મિશન મંગલમ્ - સખી મંડળો અને મમતા યોજના), શહેરી વિકાસ યોજના, આદિજાતિ, દલિત - પછાત - લઘુમતિ - વિચરતી અને વિમુક્ત જાતિ કલ્યાણ વગેરે સંખ્યાબંધ ક્ષેત્રોમાં બહુવિધ અને બહુ આયામી વિકાસના નિતનવાં સીમા ચિહ્નો સર કર્યાં છે.

આ વિકાસ યાત્રા હજુ વણથંભી ચાલી રહી છે. આ વિકાસનો આલેખ રજૂ કરતાં લેખોને સંચય એક પુસ્તક રૂપે આપણને મળે છે. જેનું નામ છે "આપણા સૌના નરેન્દ્રભાઇ" જેમાં ગુજરાતના વિકાસની સાથે - સાથે એ વિકાસની શક્યતાના શિલ્પી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝન વિશે પણ વાચકને ઘણું જાણવા મળે છે. કારણ કે આ પુસ્તકમાં જુદા જુદા દૈનિકો અને સામયિકોમાં પ્રગટ થયેલા મહત્ત્વપૂર્ણ લેખોનો વિષય વૈવિધ્ય સાથેનો ગુલદસ્તો મળે છે. જેમાં ૭૦ જેટલા લેખો સમાવવામાં આવ્યાં છે. જે ગુજરાતના વિકાસના આપણને દર્શન કરાવે છે. સાથે સાથે એક ગૌરવની લાગણી પૈદા કરે છે. તેની વાત કરતાં પુસ્તકની પ્રસ્તાવનામાં 'આ છે ગુજરાતનો વિકાસ' શિર્ષકથી વરિષ્ઠ પત્રકાર અને લેખક દિલીપ ગોહિલ ખુદ પ્રભાવિત થઇ કહે છે કે 'ગુજરાતનો વિકાસ એ હદે પોતાની પાંખો ફેલાવી રહ્યો છે કે વિકાસની પાંખોને જાણે ઉડ્ડયન પણ ઓછું પડી રહ્યું છે. એવા સંજોગોમા ગુજરાતના વિકાસની કોઇને પણ અદેખાઇ આવે તો એમાં કશું નવું નથી.' કારણ કે ગુજરાતનો ૨૦૧૦-૧૧ વર્ષનો જી.ડી.પી. (વિકાસ દર) ૧૦.૩ ટકા નોંધાયો છે. આ ઊંચા વિકાસ દરની તો કેન્દ્ર સરકાર હસ્તકના આયોજન પંચના ઉપાધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ પણ સરાહના કરેલી છે.

ભારતના એક રાજયનો આ વિકાસ દર કોઇ દેશનાં જી.ડી.પી. જેટલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે કરીએ તો દક્ષિણ આફ્રિકાના દેશે અંગોલાનો ૨૦૦૯નો જી.ડી.પી. ૮૦.૬ બિલિયન ડોલર હતો. ત્યારે એ જ વર્ષમાં ગુજરાતનો જી.ડી.પી ૮૦.૧ બિલિયન ડોલર હતો. વિકાસ અંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી કહે છે કે, 'કોઇને ગમે કે ના ગમે પરંતુ ગુજરાત એ ગુજરાત છે. ગુજરાતનો વિકાસ એ જ મારું સ્વાભિમાન અને સર્વસ્વ છે. ગુજરાતના વિકાસની આડે આવાનારા કોઇ પણ પરિબળને પાછળ રાખીને આપણું લક્ષ્ય માત્ર વિકાસ જ છે.'

તા. ૭ મી ઓક્ટોબર, ૨૦૦૧ ના રોજ સત્તાનું સુકાન આધુનિક ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા ભાજપના સર્વપ્રિય નેતાશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંભાળ્યું ત્યારથી ૨૧મી સદીના ગુજરાતના વિકાસનો પ્રથમ દાયકો દબદબાભેર શરૂ થયો. એક રિવાજ છે કે તમે કોઇના મહેમાન બન્યા હોય ત્યારે જમતી વેળાએ યજમાન થાળીમાં મહેમાનને એ બધી જ વાનગીઓ એક સેમ્પલ તરીકે થોડી - થોડી પીરસે, ભલે એક એક ટૂકડો, એથી મહેમાનને ખ્યાલ આવે કે આટલી વાનગીઓ આરોગવા મળવાની છે. બસ એ જ રીતે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રશાસનના આરંભે જ પંચામૃત તરાહની પંચશક્તિ દ્વારા રાજયના સર્વાંગી વિકાસની વાત કરી હતી. એ વાત તેઓએ પાળી બતાવી છે -

(૧) જ્ઞાન શક્તિ (૨) ઉર્જાશક્તિ (૩) જળ શક્તિ
(૪) જનશક્તિ (૫) રક્ષા શક્તિ

- ના સુશાસનના પ્રકલ્પને તેઓ એ જુદી જુદી યોજનાઓનાં અમલીકરણ દ્વારા 'વિકાસની પેટર્ન' બનાવી આપી છે. એટલું જ નહીં. આ અમલીકરણ દ્વારા તેઓએ પુરવાર કરી આપ્યું છે કે 'કહ્યું તે કર્યું.' તેઓએ પોતાના શાસનકાળના આ વર્ષોમાં ગુજરાતની પ્રજાને પોતાના સુચારૂં વહીવટ અને સુશાસનનાં દર્શન કરાવ્યાં. તેનો ચિતાર આપણને આ પુસ્તકના લેખોમાંથી મળે છે, એ રીતે આ પુસ્તક એ ગુજરાતના વિકાસની આરસી સમાન છે. તેમાં ઝીલાયેલાં પ્રતિબંધો વાચકને ગુજરાતના સર્વતોમુખી વિકાસની જાણકારીથી તરબતર કરી દે છે. ગુજરાત અને ગુજરાતના વિકાસ વિષે જાણવાની તમન્ના રાખનાર દરેક જણે વરિષ્ઠ પત્રકાર દિનેસ દેસાઇ સંપાદિત આ પુસ્તક જરૂરથી વાંચવું જ જોઇએ.

આપણા સૌનાં નરેન્દ્રભાઇ
લેખક - દિનેશ દેસાઇ, પ્રકાશક - રસ્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, પૃષ્ઠ - ૧૬૩, કિંમત રૂા. ૧૫૫., પ્રથમ આવૃત્તિ

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૩જી સપ્ટેમ્બર

- સાક્ષરયુગમાં સમર્થ સાહિત્યકાર નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાનો જન્મ ૩-૯-૧૮૬૯. કુરુક્ષેત્ર, હૃદયવીણા, નૂપુર ઝંકાર, સ્મરણ સંહિતા, કાવ્ય સંગ્રહો આપ્યા. 'મંગલ મંદિર ખોલો... પ્રેમળ જ્યોતિ....' ઉત્તમ પ્રાર્થના ગીતો, ગુજરાતી ભાષા શાસ્ત્રનો પાયો નાંખ્યો, ગુજરાતી સાહિત્યના પિતામહ, મહાન સાક્ષર.
- 'યુધ્ધ વિરામ એ શાંતિ નથી' ૧૯૬૫માં

લાલબહાદુર શાસ્ત્રીએ આ સૂત્ર આપ્યું.

- પાંચ હજાર પાનાનો પ્રમાણભૂત ગ્રંથ 'શરીર અને વૈદક શાસ્ત્ર' લખનારા ડો. ત્રિભુવનદાસ શાહનું અવસાન - ૧૯૭૩.
- મહિપતરામ રૂપરામ નીલકંઠ, ગુજરાતી કવિનો ૧૯૨૯માં જન્મ.

બાઇક પર સવાર એક યુવાન સિગ્નલ તોડીને આગળ વધી ગયો, ડયુટી પર ઊભેલાં પોલીસે જોરથી સીટી મારી કે તરત પેલો યુવાન થોભી ગયો

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

ઘણી વાર એવું બનતું હોય છે કે આપણને લાગે કે, આજનો દિવસ આપણે માટે સુખદ આશ્ચર્યો લઇને આવ્યો છે. જુઓને આજે હું તમને સરસ મજાનો કિસ્સો કહું - એક ભાઇની કહેલી વાત કરૂં તો ઘરેથી નીકળીને તે ચાર રસ્તે પહોંચ્યા ત્યારે તેમને જોયું કે, બાઇક પર સવાર એક યુવાન સિગ્નલ તોડીને આગળ વધી ગયો. ડયુટી પર ઊભેલાં પોલીસે જોરથી સીટી મારી કે તરત પેલો યુવાન થોભી ગયો. હાથના ઇશારાથી પોલીસે એને પોતાની પાસે બોલાવ્યો.

'કેમ ભાઇ, એટલી બધી ઉતાવળ આવી ગઇ છે કે સિગ્નલ પણ દેખાતું નથી? આટલી ઝડપ કેટલી જોખમી છે એ ખબર છે?'

મને થયું કે, યુવાન પાસેથી લીલી નોટ પડાવવાની આ તરકીબ છે, પણ જોઉં તો ખરા, આગળ શું થાય છે તે!

અત્યંત નમ્રતાપૂર્વક પેલા યુવાને કહ્યું, 'આઇ એમ રિયલી વેરી સોરી, ઓફિસના કામના વિચારોમાં એવો તો ખોવાયેલો હતો કે, લાલ લાઇટ પર મારું ધ્યાન જ ન ગયું.'

કોઇ મોટોભાઇ પોતાના નાનાભાઇને પ્રેમથી સમજાવતો હોય એમ એના ખભા પર હાથ મુકીને પોલીસે કહ્યું, 'જો આજની તારી ભૂલ માફ કરું છું, પણ ફરીથી આવું ન બનવું જોઇએ, ને ઓફિસનાં કામ કરતાં તારા જીવની કિંમત વધુ છે ભાઇ! આ રીતે સિગ્નલ તોડવું બહુ ખતરનાક છે. હવેથી ધ્યાન રાખજે હં! હવે જા, તારે ઓફિસનું મોડું થતું હશે.'

'થેંક્યુ વેરી મચ, હવેથી હું ટ્રાફિકના નિયમોનું બરાબર પાલન કરીશ, આઇ પ્રોમિસ.'

બંનેએ હસીને હાથ મિલાવ્યા. હું તો જોતો જ રહી ગયો શું આપણા દેશમાં આવી ઘટના શક્ય છે? પણ આ તો માત્ર શરૂઆત જ હતી. થોડું આગળ ચાલ્યો ત્યાં જોયું કે, લાઇનબંધ ઊભેલી ટ્રકનું ચેકિંગ ચાલતું હતું. એક ટ્રક ડ્રાઇવરને એનું લાયસન્સ રીન્યુ ન કરાવવા બદલ પોલીસે પકડ્યો. આદત સે મજબૂર એવા ટ્રક ડ્રાઇવરે લુચ્ચું હસતાં સો રૂપિયાની નોટ પોલીસના હાથમાં મૂકવાની કોશિષ કરી.

'તારા મનમાં તું સમજે છે શું? તું લાંચ આપીશ ને હું પીંગળી જઇશ એમ? મારે માટે મરી ડ્યુટી જ મારો ધર્મ છે. મને લાલચમાં ફસાવવાનો પ્રયત્ન કર્યો તો મારા જેવું ભૂડું કો નથી સમજ્યો?'

'માફ કરો સાહેબ, ભૂલ થઇ.' ડ્રાઇવરે કરગરતાં કહ્યું.

'લાંચ લેનાર અને લાંચ આપનાર બંને સરખા ગુનેગાર છે એ તને નથી ખબર? હું સમજું છું કે, તારે પત્ની અને બાળકો હશે, કદાચ વૃધ્ધ માપ પણ હોય. આ બધાની જવાબદારી તારા પર છે માટે જ તને જવા દઉં છું.' મને મારા કાન પર ભરોસો નહોતો બેસતો. શું આ એજ પોલીસદાદા છે જે આળસુ, લાંચિયા, ભ્રષ્ટ અને બેજવાબદાર તરીકે પંકાયેલા છે? એકાએક મારી નજર સાઇઠ-પાસઠ વર્ષની વૃધ્ધા પર ગઇ જેને ઘૂંટણની તકલીફ હોવાને કારણે રસ્તો ઓળંગતા બહુ મુશ્કેલી પડતી હતી. એ ચારેબાજુથી આવતા ધસમસતાં વાહનોને કારણે એ ગરભાઇ પણ ગયા હતા. હજુ હું એમની મદદે જવાનો વિચાર કરૂં ત્યાં એક પોલીસ દોડતો આવ્યો અને કહેવા લાગ્યો.

'મા, ગભરાવ નહીં, મારો હાથ પકડી લો. હું રસ્તો ક્રોસ કરાવી દઉં. માજીએ ઇશ્વર તારું ભલું કરે ભાઇ!' એમ કહેતા એનો હાથ પકડી લીધો. સામી બાજુએ એક બાકડો હતો તેના પર માજીને બેસાડતા એણે કહ્યું, 'મા, તમે થાકી પણ ગયા છો અને ગરમી પણ બહુ છે. તમે અહીં ઘડીક બેસો ત્યાં હું તમારે માટે પાણી લઇ આવું.'

(અનુસંધાન પાના નં. ૬ પર)